# -: <u>પ્રેસનોટ</u>:-

મે અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ સા. તથા ના.પો.કમિશ્રી ઝોન-૪ સા. તથા મ.પો.કમિશ્રી “જી” ડીવિઝન સા. તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એરપોર્ટ પો.સ્ટે.નાઓની સુચનાથી પો.સ્ટે વિસ્તારમાં બનેલ મિલ્કત સબંધી/વાહનચોરી ગુનાઓ શોધવા તથા અટકાવવા માટે સુચના આપેલ હોઇ જે અનુસંધાને સર્વેલન્સ સ્કોડ સ્ટાફના પો.સ.ઇ. ડી.બી.પ્રજાપતિ તથા અ.હે.કો. દિનેશકુમાર જીવાજી તથા અ.પો.કો.મહેન્દ્રસિંહ મૂળૂભા તથા અ.પો.કો.જગદીશકુમાર જયંતીભાઈ તથા અ.લો.ર.જીગરકુમાર રામજીભાઈ તથા અ.લો.ર.કેતનકુમાર ગોવિંદભાઈ નાઓ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ગઇ તા-૨૫/૦૬/૨૦૧૯,ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં-૭૩/૧૯, ઇપીકો કલમ-૩૭૯,૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ હોય અને ગુનાના કામે ચોરીમાં ગયેલ એકટીવા કિ.રૂ.૪૦૦૦૦/- મતાની ચોરી થયેલ જે ચોરીમાં ગયેલ એક્ટીવા સબંધે ગુન્હા વાળી જગ્યાની આજુબાજુના સી.સી.ટી.વી.કેમેરા આધારે આરોપીઓની શોધમાં રહી આ કામે આરોપીઓ (૧) પ્રકાશ S/O ભાઇચંદભાઇ કાળાજી દંતાણી ઉ.વ.૨૫ ધંધો.વેપાર (શાકભાજી) રહે. સંતોષી નગર છાપરા ભૈયાજીની ચાલી સરદાર ગ્રામ રેલ્વે સ્ટેશન સામે કુબેરનગર અમદાવાદ શહેર (૨) જીતેષ ઉર્ફે કાળીયો પ્રતાપભાઇ સોલંકી રહે ઠાકોરવાસ રાજાવીર સર્કલ પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓને શોધી આરોપીઓ પાસેથી સદર ગુન્હાના કામેની એકટીવા મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે. અને સદર આરોપીઓ રીઢા અને મિલ્કત સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા જણાયેલ છે. સદર આરોપીઓને તા.૨૬/૦૭/૨૦૧૯ ના રોજ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  |  |